કંડાર્યાં અને તે તેઓશ્રીના પ્રથમ પુસ્તક રૂપે પ્રગટ થયાં, જેનું નામ છે 'જીવન ઉદ્યોત'. આ પુસ્તક સુરતમાં સં. ૨૦૩૮ના માગશર વદ ૧૦ને દિવસે પ્રકાશિત થયું. અને ત્યાર બાદ તેમની કલમ વેગ પકડતી ગઈ, સચોટ બનતી ગઈ, સાત્ત્વિક ને તાત્ત્વિક બનતી ગઈ. 'શ્રી ધર્મરત્નપ્રકરણ' ગ્રંથ પરનાં પ્રવચનો લખવાનાં ચાલુ થયાં. તે પણ પુસ્તક રૂપે બહાર પડ્યાં. દરેક વિષયો પર છણાવટ કરતાં લોકભોગ્ય પુસ્તકો શૃંખલાબદ્ધ લખાતાં ચાલ્યાં. પુસ્તક-પ્રકાશનની આ વણથંભી યાત્રા આજે ૫૪મા પુસ્તકના પ્રકાશને પહોંચી છે. પૂજ્યશ્રીનું લેખન લોકભોગ્ય હોવાની સાબિતિ એ છે કે પુસ્તક પ્રકાશિત થયા પછી થોડા જ સમયમાં અપ્રાપ્ય બની જાય છે. સહજ, સરળ અને જીવનોપયોગી વાચન દ્વારા અનેકના જીવનમાં અનેક પ્રકારનાં turning point આવ્યાં છે. વિષાદ અને અશાંત અવસ્થામાં જીવતાં માનવીને પ્રશાંત અને અશાંત અવસ્થામાં જીવતા માનવીને પ્રશાંત અને આનંદિત બનાવવાનું કામ આ પુસ્તકોએ કર્યું છે. મોતની ગર્તામાં ધકેલાઈ ગયેલા માનવીને નવું જીવન બક્ષનારું આ સાહિત્ય બન્યું છે.

શિબિરોના માધ્યમ દ્વારા પૂ. ગણિવર્યશ્રી દસ હજારથી વધુ યુવાનોના રાહબર બન્યા છે. વિશિષ્ટ આદેય નામકર્મના કારણે જૈન-જૈનેતર યુવાવર્ગમાં વિશેષ આકર્ષણનું કારણ બન્યા છે. સંઘ પ્રત્યેના વાત્સલ્યથી છલોછલ હૈયું...નાનામાં નાના સ્વ-પર સમુદાયના સાધુભગવંત પ્રત્યે સપ્રેમ સુંદર ઔચિત્યપાલન...ડગલે ને પગલે વિનય ગુણનું પાલન...તેજસ્વી અને ધારદાર કલમ...સચોટ અને પ્રભાવપૂર્ણ વકતૃત્વકળા...સીદાતા સાધર્મિક–જીવદયા–પાઠશાળા વૈયાવચ્ચ વગેરે ક્ષેત્રોને સધ્ધર કરવાની ભારે જહેમત, ગામેગામના સંઘોને જીતેલો પ્રેમ, જટિલ પ્રશ્નોને પણ સરળતાથી ઉકેલવાની કળા અને તમામ સફળતાનાં મૂળમાં દેવ–ગુરુની કૃપાને જ કારણ માનવાની દિલમાં સજ્જડ શ્રદ્ધા – આવા અનેકાનેક ગુણોથી સજ્જ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા પૂજ્યશ્રીને સં. ૨૦૪૮ના વૈશાખ સુદ પાંચમ ને શુભ દિને અમદાવાદમાં તપોમૂર્તિ પૂ. આ. શ્રી વિજયહિમાંશુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા. આવા પ્રભાવશાળી અને ઉપકારી સાધુવરના હસ્તે અનેકાનેક ભવ્ય–દિવ્ય શાસનપ્રભાવક કાર્યો સંપન્ન થતાં રહો એવી હાર્દિક કામનાઓ સાથે પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદના !

---

### સરળતાના ઉપાસક

## પૂ. મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ

જૈનશાસનને રત્નાકરની ઉપમા આપીએ તો જૈન શ્રમણોને રત્નની ઉપમા મળે. વિવિધ પ્રતિભાવંત મુનિઓ જૈનસંઘના રત્નભંડારનું ઝવેરાત છે. જૈનસંઘ એ રત્નો માટે ગૌરવ અનુભવે છે. મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ એવા જ એક ગૌરવશાળી શ્રમણ છે. મહાન ક્રિયો-દ્ધારક યુગપ્રધાન આચાર્યશ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજની પરંપરામાં (પાર્શ્વચંદ્રગચ્છમાં) વિચરતા ભુવનચંદ્રજીનું નામ એક જ્ઞાનોપાસક સમન્વયરુચિ અને અધ્યાત્મપ્રેમી મુનિ તરીકે જૈનસંઘમાં જાણીતું છે. સ્વ. પૂ. મુનિરાજશ્રી પ્રીતિચંદ્રજી મહારાજ પાસે બાર વર્ષની વયે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષિત થનાર મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજ સૌમ્ય, શાંત, સરળ, ઉદાર અને નિખાલસ સ્વભાવના છે. સતત જિજ્ઞાસાવૃત્તિ, જ્ઞાનરુચિ અને તીવ્ર ગ્રહણશક્તિના કારણે તેઓશ્રીએ જૈનધર્મનું તેમ જ ઈતર ધર્મનું ઊંડું જ્ઞાન સંપાદન કર્યું છે. તેમની આ અગાધ જ્ઞાનપ્રાપ્તિથી તેમના ઉચ્ચતમ વિચારો વાડાબંધીથી હંમેશાં દૂર દૂર દૂર સુધી વિસ્તર્યા કર્યા છે.

પૂજ્યશ્રી ઉત્તમ કક્ષાના વિચારક અને લેખક છે. તેઓશ્રી વિશે જાણીતા તત્ત્વચિંતક શ્રી માવજીભાઈ કે. સાવલા એક પુસ્તકમાં લખે છે કે, "લેખક મુનિશ્રી ભુવનચંદ્રજી એક લબ્ધપ્રતિષ્ઠિત જૈન મુનિ છે. તેઓ વાડાબંધીથી અલિપ્ત છે. ગુણગ્રાહી અને સારગ્રાહી છે. ઉદાર દૃષ્ટિકોણ ધરાવે છે. આધુનિક અને પ્રશિષ્ટ ઉત્તમોત્તમ ગ્રંથોનો એમનો સ્વાધ્યાય કશા પણ પૂર્વગ્રહોથી મુક્ત રહીને સતતપણે ચાલતો રહ્યો છે. લેખકશ્રીની સંશોધક દૃષ્ટિ, ચોકસાઈ અને ચીવટ સજ્જતાને પ્રતિબિંબિત કરે છે." એ જ રીતે, શ્રી ગુલાબભાઈ દેઢિયા પણ મુક્તકંઠે પ્રશંસા કરી એક જગ્યાએ નોંધે છે કે, "સાધનાવંતા સાધુ, સરળતાના ઉપાસક, ચિંતનના ચાહક, અધ્યાત્મમાં અભિરુચિ રાખનાર એવા નિર્ગ્રંથ મુનિ તે શ્રી ભુવનચંદ્રજી મહારાજ, 'સંકલ્પ' જેવા એક વિશિષ્ટ જૈન સામયિકના પ્રેરક, 'ધર્મક્ષેત્રનું અંતરંગ ઓડિટ', 'શ્રાવકનો નિત્યક્રમ' અને 'વિવાદવલોણું'ના લેખક, 'જૈન દૃષ્ટિએ વિપશ્યના' પુસ્તકના સંપાદક તથા સ્તવન-મંજૂષા જેવી નોંધપાત્ર સ્તવન કેસેટના પ્રેરક છે. એમની નિશ્રામાં ઊજવાયેલા મહોત્સવોએ એક જુદી જ ગરિમા પ્રાપ્ત કરી છે. બસ, એક જ વાકયમાં કહેવું હોય તો, આ સમયમાં એક મળવા જેવા મુનિ છે. અને શ્રમણસંઘને પણ સાચે જ પૂજ્યશ્રીનું ભારોભાર ગૌરવ છે! એવા સાધુવરને શતશઃ વંદના!

## સમર્થ સાહિત્યકાર અને પ્રખર પ્રવચનકાર

# પૂ. ગણિવર્યશ્રી મણિપ્રભસાગરજી મહારાજ

પૂજ્યશ્રીનો જન્મ રાજસ્થાનના બાડમેર જિલ્લાના મોકલસર ગામમાં લૂંકડગોત્રીય શ્રી પારસમલજીના ઘેર માતા રોહિણીદેવીની રત્નકુક્ષીએ સં. ૨૦૧૬ના ફાગણ સુદ ૧૪ને શુભ દિને થયો. તેમનું જન્મનામ મીઠાલાલ હતું. પાલીતાણા મહાતીર્થમાં માતા રોહિણીદેવી તથા બહેન વિમલાકુમારી સાથે મીઠાલાલે પણ ૧૪ વર્ષની વયે પૂ. આ. શ્રી વિજયકાંતિસાગરસૂરીશ્વરજી મહારાજ પાસે સંયમ ગ્રહણ કર્યું. તે ધન્ય દિવસ સં. ૨૦૩૦ના અષાઢ વદ ૭નો હતો. માતા રોહિણીદેવીનું નામ સાધ્વી શ્રી રતનમાલાશ્રીજી, બહેનનું નામ સાધ્વીશ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી (M. A.) અને મીઠાલાલનું નામ મુનિશ્રી મણિપ્રભસાગરજી રાખી પૂ. આચાર્યશ્રીના પ્રથમ શિષ્ય ઘોષિત કરવામાં આવ્યા. પ્રભાવક ગુરુદેવના ૧૩ વર્ષના સતત સાંનિધ્યે યુવામુનિની તેજસ્વી પ્રતિભાને વધુ ને વધુ ઉદ્યોત કરી અને એ યોગ્યતાના કારણે તેઓશ્રી ગુરુદેવના વિશેષ પ્રીતિપાત્ર બન્યા.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org